ક્રમાંકઃધ/અ.૩/વશી-જનરલ/ર.ઉ.ના.સ./CPF/મંજૂરી/૨૦૧૬/૨૦૦૭ - ૨૦૫૨

કમિશનરશ્રી, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા૦૪ /૦૨/૨૦૧૬

પ્રતિ,
સંયુકત સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, ગ-શાખા,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ-ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબત.

સંદર્ભઃ- (૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રઃરહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક, તા.૧૩/૧૦/૨૦૧૫
(૨) શિક્ષણ વિભાગના પત્રાંકઃબમશ/૧૦૧૧/૧૪૧૮/ગ, તા.૦૨/૦૧/૨૦૧૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ દર્શિત ઠરાવ-(૧) અન્વયે જણાવવાનું કે, ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબતનો નીચેની વિગતેનો ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

જેમાં સ્વ.કર્મચારીના આશ્રિત કુટુંબ દ્વારા અરજી કરવાની સમય-મર્યાદા નકકી કરવાની બાબત ફીકસ પગારમાં નિમણૂક પામેલ કર્મચારીઓ તથા નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણૂક પામેલ કર્મચારીઓના અવસાનના કિસ્સામાં આશ્રિત કુટુંબના સભ્યોને ઉચ્ચક નાણાકીય સહાયનો લાભ આપવાની બાબતે અગાઉની જોગવાઇઓમાં ઠરાવની શરતો ૧ થી ૫ અને ૩ના ખંડ ૧ થી ૬ ની શરતો મુજબ સુધારો કરવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબતોને ધ્યાને લઇ સંદર્ભ-(૨)માં દર્શાવેલ ઠરાવ મુજબ વિધિવત શિક્ષણ વિભાગ કક્ષાએથી બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓનાવર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને આવી સહાય મજુર કરવા તથા નાણાની ચુકવણી કરવાની મંજુરીના સરકારશ્રી કક્ષાએથી આદેશો મેળવી આપવા વિનંતી.

બીડાણઃ-સંદર્ભ ઠરાવોની નકલો

(ઇ.પી.દેસાઇ)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર.

નકલ રવાના જાણ અર્થે તેમજ સુચનાનું પાલન કરવા સારૂ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.રાજકોટ

આપની કક્ષાએથી તમામ શાળાઓને જાણ કરવી અને હાલ આવા સમાન પ્રકારના કેસો મોકલવા નહીં. આ અંગેની સરકારશ્રી કક્ષાએથી મંજૂરી મળ્યે અત્રેથી પરીપત્ર દ્વારા જાણ કરવામાં આવે ત્યારે આવા સમાન પ્રકારના કેસો અત્રેની કચેરી ખાતે રજુ કરવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
રાજકોટ
આ. નં....૯૩૯....
....૨૯/૨/૧૬....

સંબંધિત તમામ શાળાઓને જાણ કરો.
2512